**SAURASHTRA UNIVERSITY**
**P.G.T.R. Section, Main Office**
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Re-Accredited Grade'**A**' by NAAC

## પરીપત્ર :–

સંદર્ભ :– (૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરનો પત્ર ક્રમાંકઃ કવટ આઈએસસી–૮/૨૦૧૫
૮૫૯૭–૯૧૧૦ તા.૧૭–૦૭–૨૦૧૫

ઉપરોક્ત સંદર્ભ અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક સંસ્થાના નિયામકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર નં. ક્રમાંકઃ કવટ આઈએસસી–૮/૨૦૧૫ ૮૫૯૭–૯૧૧૦ તા.૧૭–૦૭–૨૦૧૫ ના પત્રમાં જણાવ્યા અનુસારની માહિતી નો શૈક્ષણીક ભરતી અને પ્રમોશનની પ્રક્રિયામાં અમલ કરવાનો રહેશે.

બિડાણ :– સંદર્ભ–૧ નો પત્ર

કુલસચિવ

નં./પીજીટીઆર/૫/૪૮૪/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા. ૩/૦૨/૨૦૧૬

પ્રતિ,
અનુસ્નાતક (સેલ્ફ ફાયનાન્સ) સંસ્થાના નિયામકશ્રીઓ તરફ

<u>નકલ સાદર રવાનાઃ–</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર ગાંધીનગર તા.૧૭–૦૭–૨૦૧૫
સકર્યુલરમાં પ્રસિધ્ધ કરવા.

Saurashtra University Mail

registrar Saurashtra University <registrar@sauuni.ernet.in>

# પરિપત્ર

**CHE Mahekam** <che.mahekam@gmail.com> Mon, Jan 11, 2016 at 2:33 AM

To: registrar@gujaratuniversity.ac.in, registrar@msubaroda.ac.in, registrar Saurashtra University <registrar@sauuni.ernet.in>, Veer Narmad South Gujarat University <vnsgunss@gmail.com>, mohannsp@yahoo.co.in, regi <regi@ngu.ac.in>, registrar@mkbhavuni.edu.in, kachchhuniversitybhuj@yahoo.com, info@iite.ac.in, sssu.registrar@gmail.com, Amit Jani <rcu.gujarat@gmail.com>, Ravi Gor <ravi.gor@baou.edu.in>

Respected Sir/Madam,

Please find attached document with this email.

REGISTRAR INWARD DATE 12 JAN 2016 5696 Sau. Uni. Rajkot

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ... 13 JAN 2016 ઈનવર્ડ નં. 213

SCAN_20160111_16000414.pdf
1008K

PG/મહેકમ/

12/1/16

13/1/16

ક્રમાંક: કવટ/[illegible]/૨૦૧૫/ ૯૫૯૭-૯૬૧૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં-૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તા. ૧૭-૦૭-૨૦૧૫

**વંચાણે લીધા :-**

(૧) U.G.C. (Minimum Standards & MPhil / Phd Degree) Regulation, 2009.

(૨) U.G.C. (Minimum Qualification for Appointment of Teachers & other academic staff in Universities & Colleges and Meashres for the maintenance of standards in Higher education) Regulation, 2010.

(૩) સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : એન.જી.સી.-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ, તા.૧૪/૦૯/૨૦૧૧ તથા તા.૧૭/૦૨/૨૦૧૨

(૪) સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : એન.જી.સી.-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ, તા.૨૯/૦૯/૨૦૧૧ તથા સમાન ક્રમાંકનાં ઠરાવ તા.૨૦/૦૧/૨૦૧૪

(૫) સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : એન.જી.સી.-૧૧૨૦૧૧-૧૦૫૦-ખ, તા.૨૭/૦૪/૨૦૧૧

(૬) યુ.જી.સી.નાં અંગ્રેજી પત્ર ક્રમાંક : Do No. F.20-3 / 2015 (PS) તા.03 /૦૫/૨૦૧૫

**પરિપત્ર :-**

યુ.જી.સી.નાં સંદર્ભ: (૧) હેઠળનાં રેગ્યુલેશન- ૨૦૦૯ અન્વયે એમ.ફીલ. / પી.એચ.ડી. ડિગ્રી એવોર્ડ કરવા અંગેનાં ધોરણો તથા કાર્ય પ્રવૃતિ નિયત કરવામાં આવેલ છે.

જયારે, સંદર્ભ: (૨)માં દર્શાવેલ રેગ્યુલેશન- ૨૦૧૦ અન્વયે યુનિવર્સિટી અને કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક તથા કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંગે લઘુત્તમ લાયકાત સંબંધી જોગવાઇઓ કરવામાં આવેલ છે.

સંદર્ભ: (૩)માં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયની અનુદાનિત કોલેજો માટે 'અધ્યાપક સહાયક' ની કેન્દ્રિય ધોરણે ભરતી કરવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે તથા તા.૧૭/૦૨/૨૦૧૨નાં ઠરાવ અન્વયે નવી નિમણૂંક માટે યુ.જી.સી. રેગ્યુલેશન- ૨૦૧૦ માં નિયત લાયકાતનાં ધોરણો સ્વીકારવાનું ઠરાવવામાં આવેલ છે. સંદર્ભ: (૪)માં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયની અનુદાનિત કોલેજોમાં 'આચાર્ય'ની કેન્દ્રિય ધોરણે ભરતી કરવા અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે, ઠરાવ ક્રમાંક: એન.જી.સી.-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ, તા.૨૦/૦૧/૨૦૧૪થી યુ.જી.સી. રેગ્યુલેશન- ૨૦૧૦નાં પેરા : ૬.0.0 નીચે ૬.0.૧ માં નિર્દિષ્ટ કર્યા મુજબ યુ.જી.સી. ગાઇડલાઇનનો અમલ કરવા ઠરાવવામાં આવેલ છે, વધુમાં તા.૨૮/૦૫/૨૦૧૫નાં ઠરાવથી કેન્દ્રિય ધોરણે ભરતી પ્રક્રિયામાં ફેરફાર કરી, શરતોને આધીન, વિકેન્દ્રિય ધોરણે ભરતી કરવા ઠરાવવામાં આવેલ છે.

સંદર્ભ: (૫)માં દર્શાવેલ ઠરાવ અન્વયે યુ.જી.સી. રેગ્યુલેશન- ૨૦૧૦માં કરેલ જોગવાઇઓ અનુસાર શૈક્ષણિક સંવર્ગ માટે કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ લાગું કરવામાં આવેલ છે. તદ્અનુસાર શૈક્ષણિક સંવર્ગનાં જુદા જુદા હોદ્દા પરનાં અધ્યાપકો કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ બઢતીને પાત્ર બને છે.

રાજયની અનુદાનિત કોલેજોમાં 'અધ્યાપક સહાયક' તથા સરકારી કોલેજોમાં 'પી.ટી.આઇ., તથા ગ્રંથપાલ સંવર્ગ'ની તાજેતરમાં હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રિયા તથા કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંગેની કાર્યવાહી દરમિયાન, એમ.ફીલ. / પી.એચ.ડી. ડિગ્રી, ISBN / ISSN, API based PBAS સંબંધી કેટલીક મહત્વની બાબતો ધ્યાને આવેલ છે. જયારે, સંદર્ભ: (૬) હેઠળનાં યુ.જી.સી.નાં પત્રથી રિસર્ચ પબ્લીકેશન્સ ISBN / ISSN સંબંધી સૂચનાં આપવામાં આવેલ છે.

(૧) યુ.જી.સી. રેગ્યુલેશન- ૨૦૧૦નાં પેરા : ૪.૪.0 માં આસી. પ્રોફેસર (અધ્યાપક સહાયક) ની જગ્યા માટે ભરતી / નિમણૂંકનાં લાયકાતનાં ધોરણમાં પી.એચ.ડી. રેગ્યુલેશન- ૨૦૦૯ મુજબની પી.એચ.ડી. ડિગ્રી હોય તેવાં ઉમેદવારને NET / SLET માંથી મુકિત આપવામાં આવેલ છે. જયારે, સંદર્ભ: (૧)માં દર્શાવેલ પી.એચ.ડી. રેગ્યુલેશન- ૨૦૦૯ નાં કલોઝ ૧૯ અને ૨૦ ની જોગવાઇ મુજબ એમ.ફીલ. / પી.એચ.ડી. થીસીસ, સંબંધિત યુનિવર્સિટીએ ૩૦ દિવસમાં યુ.જી.સી.ને મોકલવાનાં રહે છે, જેથી INFLIBNET પર રજુ થવાથી તમામને

એકસેસીબલ બને. વધુમાં, કલોઝ : ૨૦ મુજબ ડિગ્રી ઉપરાંત, આ રેગ્યુલેશન (પી.એચ.ડી. રેગ્યુલેશન- ૨૦૦૯) પરિપૂર્ણ કરતાં હોવાનું પ્રોવિઝનલ સર્ટિફિકેટ ઇસ્યુ કરવાનું રહે છે. આ સંબંધે નામદાર અલ્હાબાદ હાઇકોર્ટમાં સીવીલ મીસે.રીટ પીટીશન નંબર : ૪૫૪૭૭ / ૨૦૧૧ ડાં. રમેશકુમાર યાદવ અને અન્ય વિરુધ્ધ અલ્હાબાદ યુનિવર્સીટીમાં તા.૧૦.૦૧.૨૦૧૨નાં જજમેન્ટમાં વિગતવાર નિર્દેશો આપવામાં આવેલ છે. આમ, ઉમેદવારોની ભરતી પ્રક્રિયા / નવી નિમણૂંકમાં એમ.ફીલ. / પી.એચ.ડી.ની ડિગ્રી સંબંધે આ તમામ જોગવાઇઓનું પાલન થવું જરૂરી છે. પરિણામે, રાજયની યુનિવર્સિટીઓને તદ્નુસાર જોગવાઇઓનું પાલન કરવા અને તે અંગે જરૂરી વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરવા જણાવવામાં આવે છે.

(૨) (સંદર્ભ: (૩)માં દર્શાવ્યા મુજબ અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા અને સીધી ભરતીથી નવી નિમણૂંકનાં પ્રસંગે તથા સંદર્ભ: (૪)માં દર્શાવ્યા મુજબ આચાર્યની ભરતી પ્રક્રિયા અને સીધી ભરતીથી નવી નિમણૂંકનાં પ્રસંગે, રિસર્ચ પબ્લીકેશન્સ / ISBN / ISSN ગુણાંકન અંગે જોગવાઇ રાખવામાં આવેલ છે. સાથોસાથ, સીધી ભરતી તથા કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પ્રમોશન આપવાનાં પ્રસંગે એપન્ડીક્ષ - III મુજબ API ની જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ હેતુસર, ઉમેદવારનાં રિસર્ચવર્કની યોગ્ય ગુણવત્તા જળવાય, તથા તેની ચકાસણી યોગ્ય રીતે થઇ શકે તે માટે યુ.જી.સી. રેગ્યુલેશન- ૨૦૧૦નાં પેરા : ૬.૦.૫ માં કરવામાં આવેલ જોગવાઇનું પાલન કરવામાં આવે તે અનિવાર્ય છે.) આ જોગવાઇ મુજબ, યુનિવર્સિટીઓએ વિષય નિષ્ણાત તથા ISBN / ISSN નાં નિષ્ણાતોની સમિતિની રચનાં કરી, કોમ્પ્રીહેન્સીવ યાદીઓ તૈયાર કરવાની છે, તથા યુનિવર્સિટીની વેબસાઇટ પર અપલોડ કરવાની છે. તાજેતરમાં યુ.જી.સી. દ્વારા સંદર્ભ: (૬)માં દર્શાવેલ તા.૦૩/૦૫/૨૦૧૫ નાં પત્રથી તમામ યુનિવર્સિટીઓને ડિસીપ્લીન વાઇઝ ઇન્ફર્મેશન (સોફ્ટ અને હાર્ડ કોપીમાં) મોકલી આપવા જણાવેલ છે. આથી, સીધી ભરતીથી નવી નિમણૂંક / બઢતીનાં પ્રસંગે, યુનિવર્સિટી /યુ.જી.સી. દ્વારા, રેગ્યુલેશન-૨૦૧૦ ની જોગવાઇઓ મુજબ, રિસર્ચવર્ક વેબસાઇટ પર અપલોડ કરવામાં આવે અને તે મુજબનું રિસર્ચવર્ક જ ધ્યાનમાં લેવામાં આવે તે મુજબની વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવી.

(એ. જે. શાહ)
કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ,ગુ.રા.,
ગાંધીનગર.

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, તમામ સ્ટેટ યુનિવર્સિટી.
- રજીસ્ટ્રારશ્રી, તમામ ખાનગી યુનિવર્સિટી.

<u>નકલ રવાના</u> : જાણ અને સમાન કાર્યવાહી સારૂં

- પ્રમુખશ્રી / આચાર્યશ્રી, તમામ અનુદાનિત કોલેજો.

<u>નકલ સવિનય રવાના</u> : જાણ સારું

- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ) શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના</u> : સદર કચેરી

- સંયુકત કમિશ્નરશ્રી, (યુનિવર્સિટી).
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (મહેકમ).હિસાબી અધિકારીશ્રી, (ડી.પી. યોજના / હિસાબી)
- ગ્રાંટ શાખા.
- યુનિવર્સિટી શાખા.
- સિલેકટ ફાઇલ.

<u>નકલ રવાના</u> : જાણ અને અમલીકરણ સારૂં

- USD (KCG) Shri Ghrudatta Jappi